# અધર શ્વાસે ઈરાન

અમેરિકાએ પોતાના સૌથી વિશિષ્ટ અને એક્સક્લુઝીવ એફ-22 રેપ્ટર ફાઈટર જેટ વિમાનો મંગળવારે સાંજે ઈઝરાયલ ખાતેના વાયુદળ હવાઈ અડ્ડા પર ઊતાર્યા. એક સાથે એક ડઝન વિમાનો ઈરાન સામે લડવાની પૂર્વ તૈયારી રૂપે ઈઝરાયલ પહોંચાડી દેવામાં આવ્યાં. ઈરાન અને અમેરિકા વચ્ચે સમજૂતી બાબતે કોઈ ખાસ પ્રગતિ થઈ નથી અને જો ઈરાનને અણુશસ્ત્રો બનાવતા રોકવાની અમેરિકા-ઈઝરાયલની ગયા જુનમાં અધૂરી રહી ગયેલી ઈચ્છાઓ પૂરી કરવી હશે તો સમજૂતી થશે પણ નહીં, કારણ કે યુદ્ધ કરવું જ હોય તો એવી એવી શરતો રખાશે જે ઈરાનને મંજૂર નહીં હોય. હાલમાં ઈરાન પાસેની હજારો બેલેસ્ટીક મિઝાઈલોને નિરસ્ત કરવાની બાબતે વાટાઘાટો ઘોંચમાં પડી છે અને બીજી તરફથી અમેરિકા-ઈઝરાયલ ધોંસ અને ધમકીઓને વધુ ગંભીર બનાવી રહ્યા છે.

યુદ્ધ થાય તો સમજવું કે મંત્રણાનો સમય દુનિયાને એ બતાવવા માટે રખાયો કે ઈરાનને સમજાવવાના ઘણા પ્રયત્નો



થયા હતા. ઈરાક પર નાટોના ઘણા પ્રયત્નો થયા હતા. ઈરાક પર નાટોના મહોરા હેઠળ અમેરિકાએ આક્રમણ કર્યું ત્યારે આવી જ રીત અપનાવી હતી. ઈરાક પાસે અણુશસ્ત્રો છે એવું યુનોમાં સભ્ય દેશોના માનસમાં ઠસાવી દેવાયું હતું. આખરે સદ્દામ હુસૈન અને ઈરાક ક્યાંયના ના રહ્યા. ઈરાન માત્ર ઈઝરાયલનો જ દુશ્મન નથી, અમેરિકાનો સૌથી મોટો દુશ્મન છે અને પાંચ દાયકાઓથી છે. કાં તો ઈરાને અણુશસ્ત્રોની જમાવટ રોકવી પડશે, જે મિઝાઈલો છે તેનો નાશ કરવો પડશે. આંતરરાષ્ટ્રીય નિરીક્ષણની વ્યવસ્થા, જો નક્કી કરવામાં આવે તો, સ્વીકારવી પડશે. આંતરરાષ્ટ્રીય નિરીક્ષણની વ્યવસ્થા, જો નક્કી કરવામાં આવે તો, સ્વીકારવી પડશે. અન્યથા યુદ્ધ અવશ્યંભાવિ છે.

ઈરાનના નાગરિકોની માઠી દશા બેઠી છે. દર મહિને-બે મહિને માનવસર્જિત હોનારતો તેઓને ભરખવા આવી જાય છે. તેઓ આજથી ખાદ્યપદાર્થો અને ઘરેલું ચીજોનો સંગ્રહ કરવા લાગ્યા છે- કારણ કે જોખમ મોટું અને નક્કી જણાય છે. અમેરિકાએ ઈરાનને ભીંસમાં લેવા તેની ચારેકોર જે સૈન્ય જમાવડો ઊભો કર્યો છે તે છેલ્લાં વીસ વરસમાં કોઈ જગ્યાએ કર્યો નથી. જે ડઝન વિમાનો ઈઝરાયલ પહોંચ્યા છે, તે માત્ર ડઝન વિમાનો નથી, પણ અમેરિકાની ઈચ્છાનું પ્રતીક છે. વિમાનો તો સેંકડો મોકલ્યા છે, પણ આ બાર તેમાંના અલ્ટીમેટ છે.

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

આ એફ-22 પ્રકારના, દુશ્મનોનાં રડારમાં નહીં પકડાય તેવાં વિમાનો અમેરિકાએ માત્ર પોતાના માટે જ બનાવ્યાં છે. મિત્ર દેશોને પણ તે વેચાતાં આપ્યા નથી. અમુક સંખ્યામાં બનાવ્યાં બાદ તેનું ઉત્પાદન પણ સ્થગિત કરી દેવાયું છે. આ દુનિયાના સૌથી એડવાન્સ્ડ એર સુપીરીઓરિટી ફાઈટર વિમાનો છે. અમેરિકાએ તેને હાઈલી કલાસિફાઈડ કેટેગરીમાં રાખ્યાં છે. અર્થાત્ તેની ટેક્નોલોજીને અત્યંત ગુપ્ત રાખવામાં આવી છે. આ કારણથી તે અન્ય દેશોને વેચાતાં અપાયાં નથી. બે એન્જીન ધરાવતાં આ વિમાનો માર્ટીન લોકહીડ અને બોઈંગ કંપનીના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યા છે. તે ગ્રાઉન્ડ અટેક અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ માટે પૂરતાં સજ્જ છે.

અમેરિકાએ ઈરાનને ડરાવવા અને જરૂર પડે તો વાપરવા માટે જે આધુનિક કાફલાઓ મોકલ્યા છે તેમાં દુનિયાનું સૌથી મોટુ યુધ્ધ જહાજ નામે યુએસએસ જીરાલ્ડ આર. ફોર્ડ છે. તેને ભૂમધ્ય સમુદ્રમાં પૂર્વના કાંઠા પર તહેનાત કરી દેવાયું છે. ત્યાં નજીકમાં જ ઈઝરાયલ છે. વળી યુદ્ધ જહાંજોનાં વિમાનો માટે ઈરાન પણ દૂર નથી. જાહેરમાં જે વિગતો ઉપલબ્ધ બને છે તે મુજબ મધ્ય-પૂર્વનાં દેશોમાં સ્થિત અમેરિકન સૈન્ય મથકો પર ત્રણસોથી વધુ અમેરિકન સેનાનાં લડાયક વિમાનો ગોઠવી દેવાયાં છે. બાર વિમાનો તો માત્ર એક ઝલક છે. બીજી તરફ, અરબી સમુદ્રમાં હોરમઝની ખાડી નજીક યુએસએસ અબ્રાહ્મ લિંકન નામક જહાજી બેડાને ગોઠવી દેવાયો છે. દુનિયાને અને દુનિયાના તેલ વેપારીઓને આશંકા છે કે યુદ્ધ થશે તો ઈરાન હોરમઝની ખાડીમાંથી તેલનાં જહાજોની અવરજવર બંધ કરી દેશે, પરિણામે દુનિયામાં તેલની તંગી થશે. અખાતના તમામ દેશોનો તેલનો કારોબાર આ સમુદ્રી માર્ગેથી થાય છે. યુદ્ધની ઘડીઓ ગણાઈ રહી છે તેથી તેલના કારોબારમાં ખૂબ વધારો થયો છે. રિફાઈનરીઓ બને એટલો વધુ જથ્થો એકઠો કરી લેવા માગે છે. જો કે સંગ્રહ કરવાની ક્ષમતાની પણ એક સીમા હોય છે. યુદ્ધ લાંબુ ચાલશે તો દુનિયાના ક્રુડ તેલના પુરવઠાને અસર પડશે. યુએસએસ અબ્રાહમ લિંકન, અમેરિકનાના અમુક અન્ય નૌસેના જહાજોની માફક અણુશક્તિ વડે ચાલે છે.

અમેરિકા-ઈઝરાયલે વિમાનો, સેનાદળો અને યુદ્ધ જહાજોને વ્યુહાત્મક રીતે ગોઠવી દીધાં.

મંગળવારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એમના સ્ટે ઓફ ધી યુનિયન પ્રવચન વખતે બોલ્યા હતા કે, 'અમે ઈરન સાથે ડીલ (કરાર) કરવા માગીએ છીએ પરંતુ ઈરાન તરફથી એ ખાતરીના શબ્દો સાંભળવા મળતા નથી કે, અમે (ઈરાન) કયારેય અમુશાસ્ત્ર બનાવશે નહીં. જીનીવા ખાતે ઈરાન અને અમેરિકા ખાતે મંત્રણાઓ ચાલી હતી. ટ્રમ્પ કહે છે કે એમની ઈચ્છા આ સમસ્યાનો ઊકેલ રાજદ્વારી વાટાઘાટો મારફતે લાવવાનો છે. 'પરંતુ એ વાત ચોક્કસ છે કે દુનિયામાં ત્રસવાદના એક નંબરના સ્પોન્સર ઈરાનને અણુબોમ્બ બનાવવા દેવામાં નહીં આવે. પોતાના પ્રવચનમાં ડોનાલ્ડ ટ્રમ્પે જુનમાં ઓપરેશન મિડનાઈટ હેમર યોજાયું હતું તેનો ઉલ્લેખ કર્યો હતો. તેમાં પણ એફ-બાવીસ પ્રકારનાં વિમાનો તેમ જ બી ટુ બોમ્બરો અને એફ-35 વિમાનો વડે ઈરાનના પરમાણુ મથકો પર હુમલાઓ કરવામાં આવ્યા હતા. પ્રમુખ ટ્રમ્પ ભલે કહે કે ઈરાન કહેતું નથી કે એ અણુશસ્ત્ર ડેવલપ નહીં કરે. પરંતુ ગુરુવારે ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કીઆને એમના સુપ્રીમ ડીલર અલી ખામેનીનો હવાલો આપીને કહ્યું હતું કે અણુશસ્ત્રો ડેવલપ કરવાની ઈરાનની બિલકુલ ઈચ્છા નથી. જો કે આ કતનની સાતે સાથે એ એવું પણ બોલ્યા કે જો અમેરિકા ઈરાન પર હૂમલો કરશે તો અમારા જેવા બીજા સેંકડો લોકો ઊભા થશે અને દેશને ચલાવશે.

યુદ્ધનાં પડઘમ વચ્ચે ઈઝરાયલ જર્મની જેવા દેશને અણુસબમરીનો બનાવીને ઓર્ડર મુજબ વેચી રહ્યું છે. ઈરાનનું મિડિયા અને પ્રજા યુદ્ધનાં ઓળાં તળે સમાચારો છાપી રહ્યા છે અને તૈયારીઓ કરી રહ્યા છે. ઈરાનના વિદેશ મંત્રી કહે છે કે અમેરિકા સાથે સંધિ થવાની તૈયારીમાં છે, હાથવેંતમાં છે. પ્રમુખ મસુદ પેઝેરકીઆને શ્રદ્ધા વ્યકત કરી છે કે આખરે રાજદ્વારી મંત્રણાઓ સફળ થશે.ઈરાન પાસે અણુશાસ્ત્રોની ક્ષમતા છે, આંતરખંડીયા બેલેસ્ટીક મિઝાઈલોની તાકાત છે વગેરે અહેવાલોનું ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવકતા ઈસ્માઈલ બગાઈ કંડને કરે ચે. તાજેતરમાં આંતરિક વિદ્રોહમાં ચાલીસ હજારથી વધુ ઈરાની નાગરિકોને મારી નાખવામાં આવ્યા તેવા અહેવાલોને એ જુઠો પ્રચાર ગણાવે છે.

યુધ્ધના સમયમાં કામ આવે એવી ચીજોની કીટ ઈરાનીઅનોએ તૈયાર કરવા માંડી છે. ક્યાં જઈને આશરો લેવો, સલામતી શોધવી તેના પ્લાન ઘડી રાખ્યા છે. ઈરાનની બજારોની હીલચાલ આમ તો રાબેતા મુજબ છે, પરંતુ વેચાવા માટે માલસામાન પણ ખૂબ આવ્યો છે અને ખરીદવા માટે ગ્રાહકો પણ ટોળે વળી રહ્યા છે. અલ ઐન નામક સમાચાર પત્ર લખે છે કે અનેક ઈરાનીઓને શું કરવું તે સમજાતું નથી અને માનસિક પક્ષઘાત જેવી સ્થિતિ બની ગઈ છે. એક બિઝનેસમેન કહે છે કે, ''તમામ બાબતો એવી કૃત્રિમ લાગે છે કે જાણે હું જિંદગીમાં કયાંક ખોવાઈ ગયો છું. હું ઈમરજન્સી માટે પણ કોઈ તૈયારી નથી કરી રહ્યો. હું એટલું જ ઈચ્છું છું કે બસ આ બધી સ્થિતિનો અંત આવે.''

**યુદ્ધ થાય તો સમજવું કે મંત્રણાનો સમય દુનિયાને એ બતાવવા માટે રખાયો કે ઇરાનને સમજાવવાના ઘણા પ્રયત્નો થયા હતા. ઇરાક પર નાટોના ઘણા પ્રયત્નો થયા હતા**

નેતાઓ એક સમયે સમજતા બંધ થઈ જાય છે કે તેઓ પ્રજાના રક્ષણ માટે નેતા બન્યા છે, પ્રજાને મારી નાખવા માટે નહીં, યુધ્ધનો ભય ભયંકર હોય છે અને બાળકો પર તેની સૌથી વધુ ખાસ અસર પડે છે. મા-બાપ પોતાનાં બાળકોને ઈમરજન્સીમાં કામ લાગે તે હેતુથી સગાવહાલાના ફોન નંબરગ, સરનામા,વગેરે લખીને આપી રહ્યા છે. મોઢેથી ગોખાવી રહ્યા છે. અમુક ગરીબ લોકો ઈરાનની કથળેલી આર્થિક હાલાતને કારણે વધુ ગરીબ બની ગયા છે અને ઈમરજન્સી માટે કશું એકઠં કરી શક્યા નથી. મોંઘવારીએ માજા મૂકી છે. આંતરવિદ્રોહ પણ મોંઘવારીમાંથી જ જન્મ્યો હતો. હાલમાં ઈરાનમાં ઠંડી પણ ખૂબ પડી રહી છે. કટોકટી કળ માટૈ સરકારે કોઈ વ્યવસ્થા કરી નથી. પ્રજાને કોઈ સૂચનાઓ કે જાણકારી આપવામાંઆવી રહી નથી. સરકાર એના નાગરિકોને સીમારેખા નહીં ઓળંગવાની ચેતવણીઓ આપી રહી છે. કારણકે યુધ્ધના સમયમાં પ્રજાનો સાથ ન હોય તો યુધ્ધ જીતવાનુ મુશ્કેલ તો બને છૈ, હાથમાંથી સત્તા પણ જતી રહે છે. બીજી તરફ ઈઝરાયલી નાગરિકો પણ ભય અનુભવી રહ્યા છે. જો કે ત્યાંની સરકારે નાગરિકોની સલામતી માટે પૂરતા ઉપાયો યોજવાં છે. નાગરિકોને શાંતિ સિવાય બીજું કશું જોઈતી હોતું નથી. ૮૬ વરસના ઘરડા ઠાચરો સંવેદનાહીન બને ત્યારે તેઓને કુમતિ સુઝતી હોય છે •

# એવલિનને ઉડવું હતું ને ઈનવમસ્ટેન ફોર્ડ શોખીન શિકારી

એક યુવાન આને વયસ્ક પુરુષ બંને ખૂબ ધનવાન, સફળ અને લોકપ્રિયતાએ બંનેમાં સેન્ડવિચ બની સુંદર યુવતી આ ત્રિકોણમાં ઈર્ષા અને કંઈક અંશે માનસિક અસ્થિરતાના વારસાના મસાલાનો છંટકાવ કરીએ એટલે અમેરિકાનો 'સદીનો મુકદમો'. કોર્ટ ટ્રાયલની આંટીઘૂંટીમાં જવા અગાઉ ફ્લેશબેકમાં જવું પડશે, જે ઘટનાક્રમને વ્યવસ્થિત રીતે સમજવામાં ચાવીરૂપ બનશે.

શરૂઆત કરીએ 1990થી. એના ડિસેમ્બર મહિનામાં માત્ર પંદર વર્ષની એવલિન નેસ્બિટ મોડલિંગમાં કારકિર્દી બનાવવાનું સપનું આંજીને ન્યૂયોર્ક પહોંચી હતી. ન્યૂયોર્કમાં રહેવું અને મોડલિંગ કરવું બને ખૂબ મુશ્કેલ હતું. અલબત, એવલિન પાસે પોતાના રાજ્ય પેન્સેલ્વેનિયામાં મોડેલિંગ કરવાનો અનુભવ હતો. ત્યાં પ્રગતિ થઈ રહી હતી, પણ એને નેશનલ નહીં ઈન્ટરનેશનલ સ્ટાર બનવું હતું. એના માટે ન્યૂયોર્ક જેવા મોટા ફલકની જરૂર પડી. સદભાગ્યે ન્યૂયોર્કમાં આગમનના થોડા દિવસોમાં જ એને તક મળી ગઈ. જાણીતા પેઈન્ટર જેમ્સ કેરોલને બેકવિથે તેને પોતાના ફિફ્ટીસેવન્થ સ્ટુડિયોમાં અઠવાડિયામાં બે દિવસ પોઝ આપવાના કામે રાખી લીધી. બેકવિથ માટે એવલિન



'પરફેક્ટલી ફોર્મ્ડ અપ્સરા' હતી.

ખરેખર ઝડપભેર તાજગી સભર અને રહસ્ય છલકાવતા ચહેરાવાળી એવલિનની ચિત્રકારો ઉપરાંત ફોટોગ્રાફરમાં ય માંગ વધવા લાગી. એના જોશ ને ઉત્સાહ બેગણા વધી ગયા. હવે જાણે આંતરરાષ્ટ્રીય આકાશમાં ઊંચે ઉડવા માટે પાંખ જ મળવાની બાકી હતી.

પત્રકારોએ એવલિનને ઉપનામ આપ્યું. લિટલ સ્ફિંક્સ. આ સ્ફિંક્સ એક પૌરાણિક જીવ છે, જેનું મસ્તક માનવીનું અને શરીર સિંહનું હોય છે. પ્રાચીન ગ્રીક કથાઓમાં આનો ખાસ્સો ઉલ્લેખ છે. સામાન્યરીતે રહસ્યમયી કે ગુઢ વ્યક્તિ માટે આ ઉપનામ વપરાય છે.

આ બ્યુટિફુલ લિટલ સ્ફિંક્સ ધડાધડ ન્યૂયોર્કમાં પ્રતિષ્ઠિત પ્રકાશનોના મુખપુષ્ઠની શોભા બનવા માંડી. લેડિઝ હોમ જર્નલ, કોસ્મોપોલિટન, વેનિટી, ફેર, હાર્પર બાજાર જેવા મેગેઝિન ઉપરાંત પોસ્ટકાર્ડ પર પણ એના રૂપના કામણ પથરાવા માંડ્યા. કહી શકાય કે હવે એલવિન નેમિસ્ટ અમેરિકની અક્ય્ય સાયુકલી પિન-અપ ગર્લ બની ચૂકી હતી.

નસીબ ખુલે ત્યારે એક નહીં અનેક ભાગ્યના દરવાજા ખોલી રાખે છે. એવલિનને માત્ર મોડેલ બનવું હતું. પણ એને અભિનય માટે ય ઝડપભેર મોકો મળી ગયો. અલબત્ત, આ છોકરીએ અભિનયની નહોતી કોઈ તાલીમ લીધી કે

**આ રજવાડી હિંચકા પર વ્હાઈટ અનેક લલના સાથે મીઠી-નાજૂક પળો માણી હતી. ધીમા અવાજે બડબડાટ સંભળાતો રહેતો કે એના ઈરાદા મકાન અને વિકૃત હતા**

નહોતા જરાય અનુભવ. પરંતુ આ કમીને એની સુંદરતાએ પૂરી દીધી. આ રીતે 1901ના મે મહિનામાં તેણે લોકપ્રિય મ્યુઝિકલ પડે 'ફ્લોરોડોરા' થકી એક કોરસ ગર્લ તરીકે રંગભૂમિ પર પદાર્પણ કરી દીધું.

મુંબઈની જેમ ન્યૂયોર્ક પણ સપના નગર અને કલાકારોનું કાશી-મથુરા અહીં ક્યા હિરાપારખુની ક્યારે નજર પડી જાય એની આગાહી કોઈ ન કરી શકે અને એવલિન પર નજર પડી. આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ આર્કિટેક્ટ સ્ટેનફોર્ડ વ્હાઈટની, સ્ટેનફોર્ડ ડિઝાઈન કરેલી ઈમારતો ન્યૂયોર્કમાં ઠેરઠેર નજરે પડતી હતી. એ ખરા અર્થમાં સાચો અને ખૂબ મોટો સેલિબ્રિટી હતો. હા, રિયલ એસ્ટેટ, ન્યૂયોર્ક અને આર્કિટેક્ચરમાં રસ ધરાવનારાઓને સ્ટેનફોર્ડની ડિઝાઈન કરેલા ભવ્યાતિભવ્ય મકાનોની માટી જુએ તો અચંબિત થઈ

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

જાય. આ અદભૂત આવડત અને અકલ્પ્ય સફળતા છતાં ન્યૂયોર્કમાં કાનાફુસી થતી રહેતી કે સ્ટેનફોર્ડ વ્હાઈટ મોકો મળ્યે નાની ઉંમરની છોકરીઓની મજાક-છેડતી કરવામાં પાછળ નહોતો હો.

ઈર્ષા ખોટો અને ગોસિપ મેગેઝિન કોલમમાં સ્ટેનફોર્ડ વ્હાઈટની લાઈફ સ્ટાઈલની ખાસ્સી ચર્ચા થતી રહેતી હતી. એની સફળતા અને વ્યક્તિત્વની જેમ જીવનશૈલી પર ભપકાદાર હતી,

આંખોને આંજી નાખે તેવી મેડિસન સ્ક્વેર ગાર્ડન એપાર્ટમેન્ટ જતા લાલ રંગનો મખમલી હિંચકો સોનાના પતરા ચીપકાવેલી છત પર લટકતો હતો. આ રજવાડી હિંચકા પર વ્હાઈટ અનેક લલના સાથે મીઠી-નાજૂક પળો માણી હતી. ધીમા અવાજે બડબડાટ સંભળાતો રહેતો કે એના ઈરાદા મકાન અને વિકૃત હતા.

આ આદત જ કદાચ સ્ટેનફોર્ડ વ્હાઈટને એક્ટ્રેસ-મોડેલ એલ્વિન નેસ્ટિબર સુધી લઈ ગઈ. આ સંબંધનો અંજામ 1906માં જૂના મેડિસન સ્ક્વેર ગાર્ડનની છત પર બનેલા સાયર ક્લબ થિયેટરમાં એકાદ હજારની હાજરીમાં સ્ટેનફોર્ડની કમકમાટીભરી હત્યામાં આવ્યો. બાય ધ વે, યોગાનુયોગ જુઓ કે પોતાના અંતિમ મુકામ સમી આ ઈમારતની ડિઝાઈન પણ સ્ટેનફોર્ડ વ્હાઈટે જ બનાવી હતી.

(ક્રમશઃ)

## પાસપોર્ટ વિના સંજય સિંહ સદભાવના મિશન પર જશે કઇ રીતે?

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહ એક રમૂજી પરિસ્થિતિમાં મુકાયા છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ તેમને કેરેબિયન દેશોમાં સદભાવના મિશન પર મોકલવામાં આવી રહેલા નવા રચાયેલા 'સંસદીય મિત્રતા જૂથ'ના નેતૃત્વ માટે નિયુક્ત કર્યા છે. મુશ્કેલી એ છે કે સંજય સિંહ પાસે પાસપોર્ટ નથી. ૨૦૨૩માં દિલ્હી એક્સાઇઝ કેસમાં ધરપકડ થયા




બાદ તેમણે દિલ્હી હાઈકોર્ટમાં પોતાનો પાસપોર્ટ જમા કરાવ્યો હતો. ૨૦૨૪માં તેઓ જામીન પર મુક્ત થયા હતા પરંતુ તેમણે પોતાનો પાસપોર્ટ ગુમાવ્યો હતો અને ૨ લાખ રૂપિયાનું બોન્ડ ભરવું પડ્યું હતું. આ આશ્ચર્યજનક છે કે લોકસભા સચિવાલય, જેણે સ્પીકરને વિવિધ મિત્રતા જૂથો માટે સાંસદોની યાદી તૈયાર કરવામાં મદદ કરી હતી, તેમને સંજય સિંહના પાસપોર્ટની સ્થિતિ વિશે ખબર નહોતી. કેરેબિયન દેશોમાં મોકલવામાં આવતા પ્રતિનિધિમંડળના અધ્યક્ષ તરીકે તેમનું નામ ઉમેરતા પહેલાં તપાસ પણ કરવામાં આવી નહોતી. આપ સાંસદ તેને અપમાન તરીકે જોઈ રહ્યા છે. તેમણે મોદી સરકાર પર તેમની મજાક ઉડાવવાનો આરોપ લગાવ્યો છે. હવે પ્રશ્ન એ છે કે શું સરકાર તેમનો પાસપોર્ટ પાછો અપાવવા માટે કોર્ટમાં જશે કે પછી યાદીમાંથી તેમનું નામ પડતું મૂકવાનું શરમજનક પગલું ભરશે? આ એક એવો કિસ્સો છે જેમાં 'ડાબા હાથને ખબર નથી કે જમણો હાથ શું કરી રહ્યો છે.'

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## બિરલાએ સાંસદોને હાલ વિદેશ મોકલવાનો નિર્ણય કેમ લીધો?

રસપ્રદ વાત એ છે કે, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ પોતે ગૃહમાં મહાભિયોગ પ્રસ્તાવનો સામનો કરતા હોવા છતાં ૬૦ દેશોમાં સાંસદોની ટીમો સદભાવના મુલાકાતે મોકલવાનો નિર્ણય લીધો છે. અલબત્ત, મહાભિયોગ પ્રસ્તાવ પરાસ્ત થઇ જશે કારણ કે વિપક્ષ પાસે તેને પસાર કરવા માટે પૂરતી સંખ્યા નથી પરંતુ બિરલા માટે આ અત્યંત શરમજનક છે કારણ કે ભારતીય સંસદના ઈતિહાસમાં સ્પીકર વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ આવવો એ એક દુર્લભ ઘટના છે. રાજકીય વર્તુળો બિરલાના આ કહેવાતા સંસદીય મિત્રતા જૂથોની રચના કરવાના અને તેમને વિદેશી પ્રવાસે (જેને



'જંકેટ' કહેવામાં આવે છે) મોકલવાના પગલાથી અચંબિત છે. મોદી સરકારે 'ઓપરેશન સિંદૂર' પછી સાંસદોની ટીમો મોકલી હતી પરંતુ તે સમયે તે વ્યાજબી હતું કારણ કે ભારત પહલગામ આતંકવાદી હુમલા અને તે પછીના લશ્કરી સંઘર્ષ પર પાકિસ્તાન સાથે વૈચારિક લડાઈ લડી રહ્યું હતું. જો કે આજે આવી કોઈ અનિવાર્યતા જણાતી નથી. પ્રશ્ન એ પુછાઈ રહ્યો છે કેઃ સાંસદોને વિદેશ પ્રવાસે શા માટે મોકલવામાં આવી રહ્યા છે? રાજકીય વર્તુળોમાં કેટલાકને લાગે છે કે બજેટ સત્રના પ્રથમ ભાગમાં સ્પીકર પ્રત્યે જે નકારાત્મક પ્રસિદ્ધિ થઈ હતી તેને રોકવાનો આ એક પ્રયાસ છે. પૂર્વ આર્મી ચીફ જનરલ એમ.એમ. નરવણેના વિવાદાસ્પદ અપ્રકાશિત સંસ્મરણો પર વિપક્ષી નેતા રાહુલ ગાંધીને બોલતા રોક્યા બાદ વિપક્ષે તેમની સાથે ટક્કર લીધી હતી. આ મુદ્દાને કારણે સત્રનો લગભગ આખો પ્રથમ ભાગ ખોરવાઈ ગયો હતો. ૨૨ વર્ષમાં પ્રથમ વખત વડા પ્રધાન રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવની ચર્ચાનો જવાબ આપી શક્યા નહોતા. 'ઓપરેશન સિંદૂર' પછીનાં પ્રતિનિધિમંડળો વિપક્ષના પ્રશ્નોને શાંત કરવામાં ચોક્કસપણે સફળ રહ્યા હતા, ત્યારે હવે એ જોવાનું રહેશે કે શું આ સંસદીય મિત્રતા જૂથો બજેટ સત્રના બીજા ભાગમાં સરકાર અને સ્પીકર માટે શાંતિ ખરીદી શકશે?

## કેરળનું કેરળમ થયા પછી હવે 'બાંગ્લા' માટે મમતા ધમપછાડા કરશે

જો કેરળ 'કેરળમ' બની ગયું હોય, જેમ કે મલયાલમમાં રાજ્યનું નામ ઉચ્ચારવામાં આવે છે, તો શું પશ્ચિમ બંગાળ પણ તેનું નામ બદલીને 'બાંગ્લા' કરવાથી પાછળ રહી શકે? રાજ્યના મુખ્ય મંત્રી મમતા બેનર્જી નામ બદલીને તેના બંગાળી મૂળ મુજબ કરવા માટે પહેલેથી જ મક્કમ છે અને એવું લાગે છે કે તેમણે આ માગને મોદી સરકાર સામેની તેમની બંગાળવિરોધી વલણની લાંબી



યાદીમાં સામેલ કરવાનો નિર્ણય લીધો છે. તેણીનો દાવો છે કે પશ્ચિમ બંગાળનું નામ બદલીને 'બાંગ્લા' કરવાની તેમની માંગ જૂની છે. મમતા કહે છે કે 'બાંગ્લા' એ રાજ્યનું બંગાળી નામ તો છે જ પરંતુ તે તેમના રાજ્યને દેશનાં રાજ્યોની યાદીમાં ટોચ પર લઈ જશે કારણ કે 'A' પછી 'B' આવે છે જ્યારે પશ્ચિમ બંગાળ એટલે કે વેસ્ટ બંગાળમાં 'W' મૂળાક્ષરોનો લગભગ છેલ્લો અક્ષર છે. તેમણે ફરિયાદ કરી હતી કે નામને કારણે પશ્ચિમ બંગાળનો વારો હંમેશાં છેલ્લે આવે છે.

